# MEDIA BUZZ



અમદાવાદ, શનિવાર, તા.૧૪ મે, ૨૦૨૨ ફાયનાન્સિયલ એક્સપ્રેસ

## એફજીઆઇના ૧૭માં એવોર્ડ ફોર એક્સલન્સની આજે અપર્ણ વિધિ

એફઇ બ્યુરો
અમદાવાદ,તા.૧૩

મધ્ય ગુજરાતના વેપાર-ઉદ્યોગના સંગઠનોનું પ્રતિનિધિત્વ કરતી એફજીઆઇના ૧૭માં એવોર્ડ ફોર એક્સલન્સની અપર્ણવિધી તા.૧૪મી મેના રોજ એફજીઆઇ બીઝનેસ સેન્ટર ખાતે યોજાશે.

આપતા જણાવાયું છે કે, આ માટેના એફજીઆઇના એવોર્ડની ૧૪ કેટેગરીમાં ૧૭૫ નોમિનેશન આવ્યા હતાં. એફડીઆઇનો એવોર્ડ ટ્રોફી અને પ્રમાણપત્રના સ્વરૂપમાં એવોર્ડીને આપવામાં આવે છે.

રાજ્યના મહેસુલ પ્રધાન રાજેન્દ્ર ત્રીવેદી આ હાજર રહેશે.

એફજીઆઇએ આ એવોર્ડની શરૂઆત ૧૯૯૩માં કરી હતી અને તેનો ઉદેશ્ય ગુજરાતના ઉદ્યોગ, એનજીઓ અને વ્યક્તિગત ધોરણે સર્વોત્કૃષ્ટ કામગીરી કરી હોય તેમની કામગીરીને બિરદાવવાનો હતો. શરૂઆતમાં એવોર્ડની સંખ્યા નવ કુલ ૧૪ પર પહોંચી છે

એવોર્ડની જે કેટગરી છે તેમાં એફજીઆઇ લાઇફટાઇમ એચીવમેન્ટ એવોર્ડ, રિસચ ઇન સાયંસ એન્ડ ટેકનોલોજી પોલ્યુશન મેનેજમેન્ટ એન્ડ સસ્ટેનેબલ પ્રેક્ટીસ આઉટસ્ટેન્ડીંગ એમએસએમ અને પુરૂષોમાં આઉટસ્ટેન્ડ લીડરનો સમાવેશ થ



શનિવાર, તા.૧૪ મે, ૨૦૨૨ ગુજરાત સમાચાર

## આજે એફજીઆઈનો ૧૭મો એવોર્ડ સમારોહ
### અલગ-અલગ ૧૪ કેટેગરીમાં એવોર્ડ અપાશે

વડોદરા,શુક્રવાર

મધ્ય ગુજરાતના ઉદ્યોગોના સંગઠન ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રિઝનો ૧૭મો એફજીઆઈ એવોર્ડ સમારોહ ૧૪ મે, શનિવારે સવારે ૧૧-૩૦ વાગ્યે એફજીઆઈ બિઝનેસ સેન્ટર ખાતે યોજાશે.

અલગ અલગ ૧૪ કેટેગરીમાં આ કેટેગરીમાં નોમિનેશન થયા છે અને દરેક કેટેગરીના વિનરની આવતીકાલે સમારોહમાં જાહેરાત થશે.સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે મહેસૂલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી હાજરી આપશે.

૧૯૯૩માં એફજીઆઈ પ્લેટિનમ જ્યુબિલી વર્ષ દરમિયાન એવોર્ડ ફોર એક્લેસન્સની શરુઆત કરવામાં આવી



mail.com शनिवार, 14-05-2022 4

## एफजीआई का 17 वाँ एवार्ड समारोह मंत्री श्री राजेन्द्र त्रिवेदी की अध्यक्षता में





ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ, વડોદરા શનિવાર ૧૪ મે, ૨૦૨૨

ઉદ્યોગો ,સામાજિક સંસ્થાઓની શ્રેષ્ઠતાને બિરદાવાશે

## FGI દ્વારા આજે એવોર્ડ ફોર એકસેલન્સ એવોર્ડ યોજાશે

(પ્રતિનિધી) વડોદરા, તા.13

FGI દ્વારા બહુપ્રતિક્ષિત ઈવેન્ટ -17મો FGI એવોર્ડ એકસેલન્સનો પ્રસ્તુતિ સમારોહ આવતીકાલે FGI બીઝનેસ સેન્ટર, સેવાસી ખાતે યોજાશે.

આ સમારોહમાં મુખ્ય અતિથિ, રાજેન્દ્ર ત્રિવેદી, મંત્રી મહેસૂલ, કાયદો

સન્માન અને તેઓની પ્રવૃતિઓને બિરદાવવા માટે FGI એવોર્ડ્સ ફોર એકસેલન્સની સ્થાપના FGIનાં પ્લેટિનમ જ્યુબિલિ વર્ષ 1993 દરમ્યાન કરવામાં આવી હતી. FGI એવોર્ડ ફોર એકસેલન્સ ઔધોગિક વર્તુળો અને લોકોમાં એક બ્રાન્ડ નામ બની ગયો છે અને વર્તમાન સમયની















# MEDIA BUZZ












રવિવાર ૧૫ મે, ૨૦૨૨ ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ, વડોદરા

ઔધોગિક ક્ષેત્ર લોકોની સુખાકારી માટે મદદરૂપ થવા સર્વગ્રાહી પ્રયાસો

## ૧૭માં FGI શ્રેષ્ઠતા એવોર્ડનું મહેસૂલ અને કાયદા મંત્રીનાં હસ્તે વિતરણ

એફ.જી.આઇ ખાતે એવોર્ડ સેરેમનીનું આયોજન કરવામાં આવ્યું હતું. (તસવીર-ભરત પારેખ)

(પ્રતિનિધી) વડોદરા, તા.14 મહેસુલ અને કાયદા મંત્રીશ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ જણાવ્યું છે કે ૧૦૪ વર્ષ અગાઉ ગાયકવાડ શાસનમાં સ્થપાયેલ ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ ( એફ.જી.આઈ) રાજ્યમાં ઉદ્યોગોનો વિકાસ થાય,ઔધોગિક ક્ષેત્રે મહત્તમ સંશોધન થાય, પ્રક્રિયાઓ ના સરકાર દ્વારા કરવામાં આવતા સરળીકરણનો સદસ્ય ઉધોગોને ઝડપી લાભ મળે એટલુ જ નહી પરંતુ ઔધોગિક ક્ષેત્ર લોકોની સુખાકારી માટે કેવી રીતે મદદરૂપ થઈ શકે તે માટેના સર્વગ્રાહી પ્રયાસો કરી રહી છે, જે સરાહનીય છે. તેમણે વધુમાં ઉમેર્યું કે કોરોનાના કપરા કાળમાં પણ ગુજરાત અને દેશના ઉદ્યોગ જગતની પ્રગતિમાં રૂકાવટ આવી નથી જેને પરિણામે આજે ગુજરાત અને દેશ આર્થિક રીતે આગળ વધી રહ્યા છે.

એફ.જી.આઈ એવોર્ડ મેળવનાર તમામને અભિનંદન પાઠવતાં તેમણે ઉમેર્યુ કે માનવજીવનના અસ્તિત્વમાં ઉપયોગી એવા અનેક ક્ષેત્રોમાં આજે વ્યક્તિગત એવોર્ડ અપાયા છે.સ્ટાર્ટ અપ, મેઈક ઈન ઈન્ડિયા,પર્યાવરણ,સ્વચ્છતા, ઔધોગિક સલામતી અને મેડિકલ હેલ્થ કેર ક્ષેત્રમાં પણ એવોર્ડ આપવામાં આવ્યા છે જે ગુજરાતના ઔધોગિક વિકાસને વધુ વેગ આપશે. ઉદ્યોગ જગતમાં મહિલાઓની પણ ભાગીદારી વધી રહી છે જે મહિલા સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ છે તેમ તેમણે ઉમેર્યું હતું. મહેસૂલ અને કાયદા મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ - એફ.જી.આઈ. આયોજિત સમારોહમાં ૧૭ માં શ્રેષ્ઠતા એવોર્ડ્સ નું વિજેતા ઉધોગોને વિતરણ કર્યું હતું. તેમણે વિવિધ ક્ષેત્રોમાં ઉત્તમ કામગીરી કરીને સમતોલ અને સાનુકૂળ ઔધોગિક વિકાસને પ્રોત્સાહિત કરનારા ઉદ્યોગો ને બિરદાવ્યા હતા. ઉલ્લેખનીય છે કે એફ.જી.આઈ.એ મધ્ય ગુજરાતનું અગ્રણી ઔધોગિક સંગઠન છે.૧૯૯૩ માં તેની પ્લેટિનમ જ્યુબિલી ઉજવાઈ ત્યાર થી તે આ શ્રેષ્ઠતા એવોર્ડ્સ દર વર્ષે આપે છે.હાલમાં ૧૭ શ્રેણીઓમાં આ એવોર્ડ્સ આપવામાં આવી રહ્યાં છે જેના માટે સંસ્થાના ૨૦૦ થી વધુ સદસ્ય ઉદ્યોગોએ પોતાની જે તે ક્ષેત્રમાં ઉમદા કામગીરીની કરનારને એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.

ઔધોગિક ક્ષેત્ર લોકોની સુખાકારી માટે મદદરૂપ થવા સર્વગ્રાહી પ્રયાસો

૧૭માં FGI શ્રેષ્ઠતા એવોર્ડનું મહેસૂલ અને કાયદા મંત્રીનાં હસ્તે વિતરણ





એફ.જી.આઇ ખાતે એવોર્ડ સેરેમનીનું આયોજન કરવામાં આવ્યું હતું. (તસવીર-ભરત પારેખ)

(પ્રતિનિધી) વડોદરા, તા.14 મહેસુલ અને કાયદા મંત્રીશ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ જણાવ્યું છે કે ૧૦૪ વર્ષ અગાઉ ગાયકવાડ શાસનમાં સ્થપાયેલ ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ ( એફ.જી.આઈ) રાજ્યમાં ઉદ્યોગોનો વિકાસ થાય,ઔધોગિક ક્ષેત્રે મહત્તમ સંશોધન થાય, પ્રક્રિયાઓ ના સરકાર દ્વારા કરવામાં આવતા સરળીકરણનો સદસ્ય ઉધોગોને ઝડપી લાભ મળે એટલુ જ નહી પરંતુ ઔધોગિક ક્ષેત્ર લોકોની સુખાકારી માટે કેવી રીતે મદદરૂપ થઈ શકે તે માટેના સર્વગ્રાહી પ્રયાસો કરી રહી છે, જે સરાહનીય છે. તેમણે વધુમાં ઉમેર્યું કે કોરોનાના કપરા કાળમાં પણ ગુજરાત અને દેશના ઉદ્યોગ જગતની પ્રગતિમાં રૂકાવટ આવી નથી જેને પરિણામે આજે ગુજરાત અને દેશ આર્થિક રીતે આગળ વધી રહ્યા છે.

એફ.જી.આઈ એવોર્ડ મેળવનાર તમામને અભિનંદન પાઠવતાં તેમણે ઉમેર્યુ કે માનવજીવનના અસ્તિત્વમાં ઉપયોગી એવા અનેક ક્ષેત્રોમાં આજે વ્યક્તિગત એવોર્ડ અપાયા છે.સ્ટાર્ટ અપ, મેઈક ઈન ઈન્ડિયા,પર્યાવરણ,સ્વચ્છતા, ઔધોગિક સલામતી અને મેડિકલ હેલ્થ કેર ક્ષેત્રમાં પણ એવોર્ડ આપવામાં આવ્યા છે જે ગુજરાતના ઔધોગિક વિકાસને વધુ વેગ આપશે. ઉદ્યોગ જગતમાં મહિલાઓની પણ ભાગીદારી વધી રહી છે જે મહિલા સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ છે તેમ તેમણે ઉમેર્યું હતું. મહેસૂલ અને કાયદા મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ - એફ.જી.આઈ. આયોજિત સમારોહમાં ૧૭ માં શ્રેષ્ઠતા એવોર્ડ્સ નું વિજેતા ઉધોગોને વિતરણ કર્યું હતું. તેમણે વિવિધ ક્ષેત્રોમાં ઉત્તમ કામગીરી કરીને સમતોલ અને સાનુકૂળ ઔધોગિક વિકાસને પ્રોત્સાહિત કરનારા ઉદ્યોગો ને બિરદાવ્યા હતા. ઉલ્લેખનીય છે કે એફ.જી.આઈ.એ મધ્ય ગુજરાતનું અગ્રણી ઔધોગિક સંગઠન છે.૧૯૯૩ માં તેની પ્લેટિનમ જ્યુબિલી ઉજવાઈ ત્યાર થી તે આ શ્રેષ્ઠતા એવોર્ડ્સ દર વર્ષે આપે છે.હાલમાં ૧૭ શ્રેણીઓમાં આ એવોર્ડ્સ આપવામાં આવી રહ્યાં છે જેના માટે સંસ્થાના ૨૦૦ થી વધુ સદસ્ય ઉદ્યોગોએ પોતાની જે તે ક્ષેત્રમાં ઉમદા કામગીરીની કરનારને એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.

